સરકારી કુમાર છાત્રાલય(વિ.જા.),
મોડાસા, જિ.અરવલ્લી ખાતેના
મકાનનું મરામત કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃપવછ/૧૦૨૦૧૮/૧૦૫/અ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-03/૧૧/૨૦૧૮

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૧૦/૦૧/૨૦૧૮ નો પત્ર ક્રમાંકઃ વિજાક/સછા/રીપેર/૨૦૧૭-૧૮/૪૮
(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૧૨/૧૦/૨૦૧૮ નો પત્ર ક્રમાંકઃ વિજાક/સછા/મરામત/૨૦૧૮/૧૫૮૮

આ મુ ખ :

નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતાએ વંચાણે લીધેલા ક્રમાંકઃ-(૧) સામેના તા.૧૦/૦૧/૨૦૧૮ના પત્રથી તથા તા.૧૨/૧૦/૨૦૧૮નાં પત્રથી સરકારી કુમાર છાત્રાલય(વિ.જા.), મોડાસા, જિ.અરવલ્લી ખાતે મરામત કરવા માટે થનાર અંદાજીત ખર્ચ રૂ.૧૨,૫૦,૦૦૦/-(અંકે રૂપિયા બાર લાખ પચાસ પુરા)ની વહીવટી મંજૂરી આપવા તથા આ રકમ માર્ગ અને મકાન વિભાગને ફાળવવા દરખાસ્ત કરેલ હતી. જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠ રા વ :

પુખ્ત વિચારણાને અંતે સરકારી સરકારી કુમાર છાત્રાલય(વિ.જા.), મોડાસા, જિ.અરવલ્લી ખાતે મરામત કરવા માટે થનાર અંદાજિત ખર્ચ રૂ.૧૨,૫૦,૦૦૦/-(અંકે રૂપિયા બાર લાખ પચાસ પુરા)ની નીચે દર્શાવેલ શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં થયેલ બજેટ જોગવાઇ અને તેની સામે નાણાં વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.
(૨) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃએસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં.૮૪, મુખ્ય સદર: ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતીઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર: ૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર:૨૭૭ શિક્ષણ, પેટા સદર:૪૨ મકાનો, વિગતવાર સદર:૦૦, હેતુ સદર:૫૩૦૦ મોટા કામ, ૧૧ જુદા જુદા (મા. અને મ.) પ્રભાગ રાજ્યમાં અન્ય પછાત વર્ગો માટેના સરકારી મકાનોની પુન: સજાવટ હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનું રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૬/૧૦/૨૦૧૮ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આઇ. એમ. ઘાંચી )
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી,
  વિકસતી જાતિ કલ્યાણ ખાતું, બ્લોક નં.૪/૩,
  ડૉ.જીવરાજ મહેતા ભવન,
  ગાંધીનગર

નકલ રવાના:-

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી(ખર્ચ)ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ના.કા.ઇ.શ્રી, મા.મં પેટા વિભાગ મોડાસા, વિશ્રામગૃહ કેમ્પસ માલપુર રોડ, મોડાસા
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.અને અધિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.ક), મોડાસા (નિયામકશ્રી (વિ.જા.ક) મારફત)
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, મોડાસા
- સેકશન અધિકારીશ્રી, (બજેટ), સા.ન્યા.અને અ.વિ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, (કો.સેલ શાખા), સા.ન્યા.અને અ.વિ, સચિવાલય, ગાંધીનગર વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ.
- સિલેકટ ફાઇલ-૨૦૧૮